અપીલ અરજી નં.૩૩૪ તા.૨૫–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશોક દિનેશભાઈ રાવતકા
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોક દિનેશભાઈ રાવતકાની તા.૧૦/૧૨/૧૦ ની અરજી થી સુરત મહાનગર પાલિકા ના કાયમી સફાઈ કામદાર શ્રી શારદાબેન રાજુભાઈ વાઘેલા (૧) કયારથી, કેવીરીતે, કયા આધારે , કઈ પોષ્ટ પર નિમણુક મેળવી તે તમામ વિગતવાર પ્રમાણિત કરેલ માહિતી વિગેરે મુદ્દા નં. ૧ થી ૨૧ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા. ૨૫/૧/૧૧ ની અપીલ અરજી નં. **SMC/FAP/** ૩૩૪ /૨૦૧૦–૧૧.

શ્રી અશોક દિનેશભાઈ રાવતકાની તા.૧૦/૧૨/૧૦ ની અરજી થી સુરત મહાનગર પાલિકા ના કાયમી સફાઈ કામદાર શ્રી શારદાબેન રાજુભાઈ વાઘેલા (૧) કયારથી, કેવીરીતે, કયા આધારે , કઈ પોષ્ટ પર નિમણુક મેળવી તે તમામ વિગતવાર પ્રમાણિત કરેલ માહિતી વિગેરે મુદ્દા નં. ૧ થી ૨૧ ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં માંગેલ માહિતી મળી ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫/૧/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ , આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૬૨ તા.૩–૨–૧૧થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) , તથા અરજદારને તેમની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ તબદીલી થયેલ હોય તો તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૩૯૦૨ તા.૧૧–૨–૧૧ થી મળેલી પૂરક વિગતોમાં સદર અરજી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૧૪ તા.૧૮–૧૨–૧૦ થી આરોગ્ય અધિકારી અને ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)ને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાની વિગત મોકલવામાં આવેલ છે જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્યને અત્રેથી અપીલ બાબતે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૫ તા.૧૪–૨–૧૧ થી પૂરક વિગતો માટે પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/આ.નં.૫૦ તા.૨૫–૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૧૪ તા.૧૮–૧૨–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) ને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૨૬૩ તા.૧૩–૧૨–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને પીઆઈ (ચોક–કુર્જા) પોલીસ સ્ટેશનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૯૬ તા.૬–૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, જાહેર માહિતીઅધિકારી આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ આંન.૪૪ તા.૭–૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૦–૧૨–૧૦ ની અરજીથી શ્રી શારદાબેન રાજુભાઈ વાઘેલા કાયમી સફાઈ કામદાર વોર્ડ નં.૫ હરીપુરા, કાંસકીવાડ, સુરતની મુદ્દા નં.૧ થી ૨૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ.જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૨૬૩ તા.૧૩–૧૨–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને પીઆઈ (ચોક–કુર્જા) પોલીસ સ્ટેશનને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૧૪ તા.૧૮–૧૨–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) આરોગ્ય ને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ. જેમાં મુદ્દા નં. (૧) કયારથી, કેવીરીતે, કયા આધારે , કઈ પોષ્ટ પર નિમણુંક મેળવી તે તમામ વિગતવાર પ્રમાણિત કરેલ માહિતી. મુદ્દા નં.(૨) બદલી કામદાર કે હંગામી કેટલો સમય ફરજ બજાવી તેની સ્પષ્ટ માહિતી. (૩) કાયમી સફાઈ કામદારોનો ઓર્ડર કઈ શરતોને આધીન અપાયો ઓર્ડરની નકલ સહિત માહિતી. (૪) આજ દિન તા.૧૦–૧૨–૧૦ સુધી જે તે સમયે અપાયેલ મેમોનો કારણ દર્શક નોટીસની નકલોની માહિતી. (૫) મેમો નોંધ કારણદર્શક નોટીસ રજૂ કરેલ આધાર –ખુલાસાઓ પ્રમાણિત નકલોની માહિતી. (૬) જે તે સમયે રજૂ થયેલ પુરાવાઓ , ખુલાસાઓ કયા અધિકારીએ મંજુર કર્યા તેઓનું નામ હોદ્દા સહિતની માહિતી. (૭) છેલ્લા ત્રણ વર્ષની હાજરી –ગેરહાજર મહિના –વર્ષવારની માહિતી. (૮) કઈ જોગવાઈથી ગેરહાજર રહેલ તે સત્તાવાર રેકર્ડની માહિતી. (૯) કયા નિયમથી તેઓને ફરજ પર હાજર કરાયા તે કયારે કોના હુકમ/ ભલામણથી તે તમામ પત્રોની નકલ સહિત માહિતી. (૧૦) ગેરહાજર બદલ કયા કયા મેડીકલ સર્ટીફીકેટ જવાબી રજૂ કર્યા તે તમામ માહિતી. (૧૧) કયા કયા અધિકારીઓએ જે તે સમયે કયા નિયમથી અને કઈ જોગવાઈ મુજબ મેડીકલ સર્ટીફીકેટ મંજુર કર્યા તે તમામ જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની વિગતવાર માહિતી. (૧૨) જો મેડીકલ સર્ટીફીકેટ બોગસ શંકાસ્પદ હોય તો ખરાઈ કેમ ના કરી તે બદલ જવાબદાર તમામના

નામ હોદ્દા સહિતની ખુલાસાઓના પત્રની નકલથી માહિતી. (૧૩) કઈ જોગવાઈથી કોણ કોણ શંકાસ્પદ સર્ટીફીકેટની તટસ્થ તપાસ કરી શકે તેઓના નામ હોદ્દા વિભાગની માહિતી. (૧૪) ગેરહાજર રહેલ દરમ્યાન તેઓએ કેવો અને કયા પ્રકારનો જે તે સમયે પત્ર વ્યવહાર કર્યો તે તમામ પત્રો સહિત સ્પષ્ટ માહિતી. (૧૫) શારદા રાજુ નામ જોગ પોલીસ સ્ટેશનમાં તેમજ કોર્ટ કચેરીમાં વાદી પ્રતિવાદી તરીકે અરજી /ફરીયાદ થયેલ હોય તો તે નકલ સહિત તે સંદર્ભે કયા નિયમથી કેવી અને કયારે કોણ કાયદેસર કાર્યવાહી કરી શકે તે નામ હોદ્દા સહિત વિગતવાર માહિતી. (૧૬) છેલ્લા ત્રણ વર્ષથી મેળવેલ માસિક પગારની વિગત દર્શાવતી અરજી સાથેની પ્રમાણિત માહિતી. (૧૮) અનુક્રમણિકા ન.૧ થી ૧૭ સુધીના ગંભીર મુદ્દાઓ ભ્રષ્ટાચાર સબંધિત હોય, તાકીદે મુદ્દાઓ અંતર્ગત જવાબદાર એસ.આઈ,ચીફ એસ આઈ નાયબ આરોગ્ય અધિકારી, ઝોનલચીફ ઝોનના વડા ડે.કમિ.(પઅનેઈ–મહેકમ) વગેરે તમામની ફરજો જવાબદારી દર્શાવતી નિયમોનુસાર કાયદેસરના ખુલાસાઓની પ્રમાણિત માહિતી. (૧૯) તબીબી સારવારની બુકના દરેક પાનાની પ્રમાણિત નકલ. (૨૦) જે તે સમયે રજૂ કરેલ મેડીકલ સર્ટીફીકેટ સંદર્ભે કેસ પેપર લેબોરેટરી ફોર્મ, લેબોરેટરી રીપોર્ટ દવાનું પ્રિસ્ક્રીપ્શન વિગેરેની નકલની માહિતી. (૨૧) ઈરાદાપૂર્વક છેતરપીંડી વિશ્વાસઘાતનું જઘન્ય કૃત્ય આચરેલ હોય તો તે બદલ કયા નિયમોનુસાર કઈ અને કોણ કાર્યવાહી કરી શકે કેટલી સમય મર્યાદા તેની સ્પષ્ટ માહિતી. આમ અરજદારના મુદ્દા નં.૧ થી ૨૧ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૪૪ તા.૭–૧–૧૧ થી અરજદારની સદર અરજી બાબતે " શ્રી શારદાબેન રાજુભાઈ વાઘેલા" કાયમી સફાઈ કામદાર વોર્ડ નં.૫ ની વિવિધ ૧ થી ૨૧ મુદ્દા બાબતે માહિતીની માંગણી કરવામાં આવેલ છે પરંતુ આ બાબતે દફતરી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં તમારી અરજીમાં જણાવેલ." શ્રી શારદાબેન રાજુભાઈ વાઘેલા" નામની કોઈ વ્યકિતને સુરત મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે આરોગ્ય ખાતા હસ્તક નિમણુંક આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. તેમજ તેવા નામની કોઈ વ્યકિત સેન્ટ્રલઝોનના વોર્ડ નં.૫ હરિપુરા કાંસકીવાડ ખાતેની વોર્ડ ઓફિસમાં ફરજ બજાવતી નથી. તેથી તમારા તરફથી માંગવામાં આવેલ માહિતી પરત્વે આરોગ્ય વિભાગને લાગત મુદ્દાની માહિતી પૂરી પાડી શકાય તેમ નથી તેવું જણાવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૯૬ તા.૬–૧–૧૧ થી સેન્ટ્રલઝોનના વોર્ડ નં.૫ હરીપુરા કાંસકીવાડ ખાતેની વોર્ડ ઓફિસમાં તમારી અરજીમાં જણાવેલ વ્યકિત " શારદાબેન રાજુભાઈ વાઘેલા" નામની કોઈ વ્યકિત ફરજ બજાવતી નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં માંગેલ માહિતી મળી નથી તેવું જણાવી તા.૨૫–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ.આમ અરજદારને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તેમજ જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી માહિતી પૂરી પાડેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય પૂરક વિગતોમાં જણાવેલ વિગત અનુસાર સદર બાબતે અરજદારે સ્પષ્ટ વિગત સાથે સ્પર્શતા કર્મચારીનું સાચું નામ , નંબર સહિતની મુદ્દા નં.૧ થી ૨૮ ની માહિતી માંગતી અરજી તા.૨૫–૧–૧૧ ના રોજ કરેલ છે જે અંગે લાગત જાહેર માહિતી અધિકારીઓને તબદીલ પણ કરવામાં આવેલ છે. જે અંગે આરોગ્ય મહેકમને લગતા તા.૨૫–૧–૧૧ ની અરજી સંદર્ભે માહિતી મેળવવા પત્ર પણ પીએચડી/પીઓ/આરટીઆઈ/૪૮ તા.૧૭–૨–૧૧ ના રોજ પત્ર લખીને જાણ કરવામાં આવેલ છે. આમ અરજદારે અપીલ હેઠળની મુળ માહિતી માંગેલ અરજીમાં કર્મચારીની સાચી પૂરી વિગતો જણાવેલ નથી. તેવું ફલિત થાય છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય અને સેન્ટ્રલઝોન તરફથી તેની વિગતો અરજદારને જણાવેલ પણ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુળ અરજી સંદર્ભે જણાવેલ મજકુર કર્મચારીની પૂરી તપાસણી કરી તેવી કોઈ વ્યકિત દફતરી રેકર્ડ જોતાં જણાયેલ નથી તેવી માહિતી પુરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન ),આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી અશોક દિનેશભાઈ રાવતકા,